હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સરકાર ભલે ગમે તે કહે કે ઘરે માસ્ક ન પહેરોતો ચાલે... હું તો પહેરાવી જ રાખુ... મારે તો એમની પાસે વટાણા ફોલાવવાને ?.. મને વટાણા ખાઈ જાય તે બીલકુલ ન ગમે...!!

અમદાવાદમાં ઉશ્કેરાયેલા દુકાનદારે ગ્રાહક ઉપર છરી વડે હુમલો કર્યો

સામાન્ય બાબતે આરોપીએ વ્યક્તિ ઉપર છરી વડે હુમલો કરી દીધો અને જેમાં ભોગ બનનારને ગંભીર ઈજા પહોંચી છે. જમાલપુર શાકમાર્કેટ પાસે આવેલ કરિયાણાની દુકાનમાં એક વ્યક્તિ ૧૦ રૂપિયાની પાણીની બોટલ લીધી હતી અને જેને પાણી પીને રુપિયા પછી આપવાની વાત કરી હતી જેથી આરોપી આશિષ ગુપ્તા જે કરિયાણાની દુકાનનો માલિક છે તે ઉશ્કેરાઈ ગયો અને છરી વડે હુમલો કરી દીધો હતો. ફરિયાદી રાકેશભાઈની મોટી દીકરી ઉપર ફોન આવ્યો હતો અને જેમાં કહ્યું કે તમારા મિત્ર ઉપર હુમલો થયો છે તમે આવો જેથી ફરિયાદી પોતાના પુત્ર સાથે ત્યાં પહોંચી ગયા અને જોયુ તો ફરિયાદીના મિત્ર જીગ્નેશને ઈજા પહોંચી હતી. ફરિયાદીએ પહેલા જીગ્નેશભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા અને રૂપિયા ન હોવાથી પછી આપવાની વાત કરી હતી જેથી આરોપીએ હુમલો કર્યો છે.

શહેર-જિલ્લામાં ત્રણ અકસ્માતમાં ત્રણનાં મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર-જિલ્લા વિસ્તારમાં ત્રણ અલગ અલગ માર્ગ અકસ્માતમાં ૩ વ્યકિતના મૃત્યુ નિપજયા છે. ધણપ પાસે પંકચર પડેલા ટ્રેલરની પાછળ ડમ્પર ઘુસી જતા ટ્રેલરના કલીનરનું મૃત્યુ, જયારે બીજા બનાવમાં ઝુંડાલ સર્કલ પાસે માતાજીના દર્શન કરવા જતા પરિવારના બાઈકને ટ્રેલરે ટકકર મારતા નીચે પટકાયેલી ૧૨ વર્ષિય દિકરીનું મૃત્યુ અને ત્રીજા બનાવમાં ઘ-૧ પાસે રીક્ષાને કારે ટક્કર મારતા રીક્ષા પલટી જતા રીક્ષા નીચે દબાઈ જતા વૃધ્ધનું મૃત્યું નિપજયું હતું. ત્રણેય બનાવમાં પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના નિમ્બાહેરી ગામે રહેતા યુવક રાજીદ હકીમુદ્દીન ખાન તેમજ તેનો કલીનર ગફાર રૂઝદાર ખાન તા.૧૯ ડિસેમ્બરના રોજ કન્ટેનર લઈને રાજકોટ થી રાજસ્થાન તરફ નીકળ્યા હતા. તે સમયે વહેલી સવારે ૪ વાગે ધણપ પાસે ટાયરમાં પંકચર પડયું હતું. જેથી હાઈ વે પર કન્ટેનર સાઈડમાં કરી કલીનર ગફાર આગળના ટાયરમાં જેક ચઢાવીને ટાયર ખોલતો હતો. તે સમયે ચિલોડા તરફથી આવતુ ડમ્પર કન્ટેનરની પાછળ ઘુસી ગયું હતું. ધડાકાભેર અથડાતા કન્ટેનર આગળ ધકેલાઈ જતા કલીનર ગફાર બમ્પરના આગળના ભાગે ઢસડાઈને દબાઈ ગયો હતો. જયારે ડમ્પર ચાલક અને કલીનરને ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયારે ગફારને વધુ ઈજા હોવાથી અમદાવાદ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન કન્ટેનરના કલીનર ગફારનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે કન્ટેનરના ચાલક સાજીદે ચિલોડા પોલીસ મથકે ડમ્પર નં.જી.જે.૦૨.ઝેડ.ઝેડ.-૫૧૮૭ના ચાલક સામેફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં અમદાવાદ શાહીબાગ દુધેશ્વર માર્ગ પર દધિચી એપાર્ટમેન્ટ બ્લોક નં.૬૦૪-૩ ખાતે રહેતા રાજુજી મફાજી ઠાકોર રવિવારના રોજ પોતાની પત્ની અને ૧૨ વર્ષની દિકરી કિંજલને લઈને સિધ્ધપુર વતન જઈ રહ્યા હતા. ગામમાં માતાજીના દર્શને બાઈક પર નીકળેલા પરિવારને સવારે સાડા

આઠ વાગે ઝુંડાલ સર્કલ પાસે ટ્રેલરે ટકકર મારી હતી. જેમાં ત્રણેય વ્યકિત માર્ગ પર નીચે પટકાયા હતા. જેમાં ૧૨ વર્ષની કિંજલના હાથ પરથી ટ્રેલરનું પૈડુ ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયા સારવાર દરમિયાન ૧૨ વર્ષિય કિંજલનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. જયારે બનાવ અંગે રાજુજી મફાજી ઠાકોરની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

જયારે ત્રીજા બનાવમાં જુના કોબા ખાતે રહેતા મુકેશભાઈ રાવળ સાંજના સુમારે રીક્ષા લઈને ગાંધીનગર સિવિલ તરફ જતા હતા.ત્યારે રાયસણ પેટ્રોલ પંપની પાછળ ચૌહાણ કુવા ખાતે રહેતા મધુબેન રણજીતભાઈ ઠાકોર અને તેમના પિતા ઉષાભાઈ તશાભાઈ ડાભીને બેસાડ્યા હતા. ઘ-૦ થી ઘ-૩ સર્કલ તરફ જઈ રહી હતી. તે સમયે સાડાચાર વાગ્યાના સુમારે ઘ-૧ પાસે રીક્ષાને અજાણી કારના ચાલકે ટક્કર મારી હતી. જેને પગલે રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. જેમાં પાછળ બેઠેલા ઉષાભાઈ નીચે દબાઈ ગયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો ત્તાત્કાલીક દોડી આવ્યા હતા અને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. જયાં સારવાર દરમિયાન સાંજના સુમારે તેમનું મૃત્યું નિપજયું હતું. જયારે રીક્ષા ચાલક મુકેશ રાવળને શરીરે ઈજા થતા સારવાર માટે દાખલ કરાયા છે. બનાવ અંગે મોડી રાત્રે ફરીયાદ નોંધાતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે કાર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના તકેદારી આયુક્તની કચેરીના પડતર પ્રકરણો અંગે તકેદારી આયુક્ત સુશ્રી સંગીતા સિંહે આજે જિલ્લાના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે જમીન મૂલ્યાંકન સમિતિની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતોમાં આજે સાંજથી વિધિવત્ રીતે અધિકારીઓએ કલેક્ટર તરીકેનો હવાલો સંભાળી લીધો છે.
- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનને આજે પંચાયતના કોંગી આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લઈ આભારની લાગણી વ્યક્ત કરી હતી.
- આજનો દિવસ એ સૌથી ટુંકો દિવસ હોવાથી તેમજ અવકાશમાં થનારી ખગોળીય ઘટનાઓ માણવા ખગોળપ્રેમીઓએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં આજથી મુખ્ય માર્ગો પર ગતિ નિયંત્રણને લઈ ટ્રાફિક પોલીસ દ્વારા દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.
- જાન્યુ.૨૧માં આવનારા સ્વચ્છતા સર્વેક્ષણની તૈયારીઓ મનપાના તંત્રએ આરંભી દીધી છે આજે સેનેટીશન સુપ્રિ. અને સેનેટરી ઈન્સ્પેક્ટરોની નાયબ મ્યુનિ. કમિશનર દવેએ બેઠક યોજી સમીક્ષા કરી હતી.
- ખેડૂત આંદોલનમાં જીવ ગુમાવનારા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપવા કોંગ્રેસ દ્વારા જિલ્લામથકો પર ૨૨મી ડિસેમ્બરના રોજ ખાસ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાવનો કોંગ્રેસ પક્ષે નિર્ણય કર્યો છે.
- રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે શનિ-રવિની રજાના દિવસોમાં મનપાના કર્મયોગીઓને ડિઝાસ્ટર અંગે ખાસ તાલિમનું આયોજન કરાયુ હતુ.

આગામી દિવસોમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. જિલ્લા ભાજપ દ્વારા આ સંદર્ભે ઈન્ફોસીટી ખાતે મીટીંગ યોજવામાં આવી હતી જેમાં પ્રત્યેક સીટના ત્રણ-ત્રણ ઈન્ચાર્જને હાજર રાખી કામગીરી સોંપવામાં આવી હતી. ચૂંટણી ઈન્ચાર્જ ડૉ. હર્ષદભાઈ પટેલ અને બળવંતસિંહ રાજપૂત આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યુ હતુ. મેયર રીટાબેન પટેલ પણ આ મીટીંગમાં હાજર રહ્યા હતા.

રવિવારે શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

રવિવારે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં શહેરની વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા હાથ ધરવા સાથે સંસ્થાના

કાર્યક્ષેત્રને શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારો સુધી વિકસાવવા ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સાથે સંસ્થાના અધ્યક્ષ કેશરીસિંહ બિહોલાએ નૂતન વર્ષની શુભેચ્છાઓ સાથે સંસ્થાના સંગઠનને વેગવંતુ બનાવવા પર ભાર મૂક્યો હતો.

શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભાનો પ્રારંભ ઉપપ્રમુખ પ્રદિપસિંહ બિહોલાના સ્વાગત પ્રવચનથી થયો હતો અને તેમણે પણ નૂતન વર્ષની શુભેચ્છા સાથે સંગઠનની મજબૂતી પર ભાર મુક્યો હતો. આ પછી મહામંત્રી રાજેન્દ્ર પારેખે સંસ્થાની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો અને ત્યારબાદ ઉપસ્થિત પ્રતિનિધિઓ તથા સભ્યોએ પોતપોતાના સેક્ટર-વિસ્તારની વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી જે અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના આગેવાનો કેશરીસિંહ બિહોલા, પ્રદિપસિંહ બિહોલા, રાજેન્દ્ર પારેખ સહિત હરેશભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, સી.કે. સોની, હિમાંશુભાઈ ભચેચ, સમરથદાન ગઢવી, વિઠ્ઠલભાઈ પરમાર, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવ સુથાર, નરેશભાઈ પરમાર, નટુભા જાડેજા, મયુરભાઈ પટેલ, ભાનુભાઈ મકવાણા, મહંમદભાઈ વગેરે વિવિધ સેક્ટરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાસંઘના જનસંપર્ક મહામંત્રી હિમાંશુભાઈ ભચેચે સમાપને આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ.

રાજકોટ AIIMSના પ્રથમ શૈક્ષણિક સત્રની બેચનો વિડીયો કોન્ફરન્સથી ઈ-પ્રારંભ

ગરીબ-છેવાડાના માનવીને પણ હવે સુપર સ્પેશ્યાલિટી સારવાર સુવિધા મળતી થશે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ AIIMSના પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટ

મત વ્યકત કર્યો કે AIIMS જેવી આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત મેડીકલ ઈન્સ્ટીટયૂટ રાજકોટમાં આવતાં રાજયના હેલ્થકેર સેકટરમાં નવો પ્રાણ ફૂંકાશે.

મુખ્યમંત્રીએ રાજકોટના જનપ્રતિનિધિ અને રાજયના મુખ્યમંત્રી તરીકે AIIMSની પ્રથમ બેચના એમબીબીએસ અભ્યાસમાં જોડાઈ રહેલા છાત્રોને આવકારતાં પ્રેરણા આપી કે ૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે ત્યારે ભારતમાતા જગતજનની બને તે માટે નવી શિક્ષણ નીતિ, AIIMS જેવી પ્રતિષ્ઠિત સંસ્થાનનું શિક્ષણ, શ્રેષ્ઠ મેડીકલ એજ્યુકેશનથી તે સદીને ભારતની સદી બનાવવી છે.

તેમણે યુવા છાત્રોને કહ્યું કે આત્મનિર્ભર ભારતમાં ઈનોવેશન, રિસર્ચ-શોધ સંશોધન ક્ષેત્રે ગુજરાતે ઉલ્લેખનીય પ્રદાન કર્યુ છે. મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર રહેશે તેમ તેમણે જણાવ્યું હતું. AIIMSના આ યુવા તબીબી છાત્રો ઉત્કૃષ્ટ અભ્યાસથી રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્ર સેવામાં યોગદાન આપે તેવું આહવાન મુખ્યમંત્રીએ કર્યુ હતું.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. હર્ષવર્ધને રાજકોટ એઈમ્સની પ્રથમ બેચમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાજકોટમાં પ્રતિષ્ઠિત એઈમ્સ સંસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું છે. દેશના વિવિધ ભાગોમાં એઈમ્સનો પ્રારંભ કરવાનો ટુંકાગાળાનો હેતુ નાગરિકોને સસ્તા દરે આરોગ્ય સુવિધાઓ પાડવાનો તેમજ દેશમાં વેલનેસનું સર્જન કરવાનું લાંબાગાળાનું વિઝન રાખવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાતના લોકોની રાજ્યને 'એઈમ્સ-AIIMS મળે તેવી લાંબા સમયથી માંગ હતી. દાયકા બાદ વદાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેન્દ્રમાં ભાજપાની સરકાર બની ત્યારે આ અપેક્ષા પૂર્ણ થઈ છે. રાજકોટ સિવિલ હોસ્પીટલ ખાતે એઈમ્સનું આગામી શૈક્ષણિક સત્ર પચાસ બેઠકો સાથે શરૂ થયું છે ત્યારે વડાપ્રધાને જોયેલું સ્વપ્ન પરિપૂર્ણ થઈ રહ્યું છે.

૨૦૨૩થી ૬ વર્ષ પૂર્ણ કરનારા બાળકને ધો.૧માં પ્રવેશ અપાશે

ગાંધીનગર,તા.૨૧

હાલ ખાનગી સ્કૂલોમાં પ્રી-પ્રાઈમરીના એડમિશન ચાલી રહ્યા છે. ત્યારે જૂનિયર અને સિનિયર કેજીમાં બાળકોના એડમિશન લઈ રહેલા વાલીઓ માટે સરકારે મહત્વની સ્પષ્ટતા કરી છે.

સરકારે એડમિશન માટેના નવા નિર્ણય વિશે જણાવતા કહ્યું કે, ૨૦૨૩થી ૧લી જૂને ૬ વર્ષ પૂર્ણ કરનારા બાળકને જ ધોરણ ૧માં પ્રવેશ આપવામાં આવશે. જેથી આ નવા નિયમને ધ્યાનમાં રાખીને વાલી પોતાના સંતાનને પ્રી-પ્રાઈમરી સ્કૂલમાં દાખલો અપાવે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ નોટિફિકેશન જાહેર કરી આરટીઆઈ રૂલ્સ અંતર્ગત નવા નિયમનો ખુલાસો કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૩-૨૪થી ૧ જૂને ૬ વર્ષ પૂરા કરનારા બાળકને જ ધોરણ ૧માં એટલે કે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે. જો ૧લી જૂને બાળકને ૬ વર્ષ પૂરા નહીં થયા હોય તો શાળામાં પ્રવેશ નહીં મળે. જણાવી દઈએ કે, ખાનગી સ્કૂલોમાં કોઈપણ વયના બાળકને આડેધડ પ્રવેશ અપાતો હોવાથી સરકાર દ્વારા ધોરણ ૧માં પ્રવેશ માટે ચોક્કસ વયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

હાલ પ્રી-પાઈમરીના એડમિશન ચાલી રહ્યા છે ત્યારે જો બાળકોને જૂનિયર કેજી, સિનિયર કેજી કે નર્સરીમાં મૂકવાના હોય તો નવા નોટિફિકેશનને ધ્યાનમાં રાખીને પ્રવેશ આપવામાં આવે, તેવી પ્રાથમિક શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી છે. હાલ ત્રણ વર્ષ સુધી ૫ વર્ષની ઉંમરના બાળકોને પ્રવેશ અપાશે અને ત્યાર પછીના વર્ષથી ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને જ ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત સરકાર દ્વારા કાયદામાં કરવામાં આવેલા ફેરફાર મુજબ હવે કોઈ પણ બાળકે જે તે શૈક્ષણિક વર્ષમાં ૧ જૂનના રોજ ૬ વર્ષ પૂર્ણ ન કર્યા હોય તેમને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં નહીં આવે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, અને ૨૦૨૨-૨૩ દરમિયાન કોઈ બાળક તે શૈક્ષણિક વર્ષમાં ૧ જૂનના રોજ ૫ વર્ષ પૂર્ણ કરેલા હશે તો તેમને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે. આમ હાલમાં નર્સરી અને જુનિયર-સીનિયર કે.જીમાં ભણતા બાળકોને મુશ્કેલી ન થાય તે માટે સરકારના નવા નિયમનો અમલ ૨૦૨૩-૨૪થી કરવામાં આવશે.

ટેન્ડર કમ જાહેર હરાજીની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે ડેમેજ ખુરશી તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાનો છે. આ ડેમેજ ખુરશી કચેરીના સમય દરમિયાન અત્રેની કચેરીમાં જોઈ શકાશે. હરાજીમાંરસ ધરાવતા ઈસમો તા. ૨૨/૧૨/૨૦૨૦ (સવારે ૧૦:૩૦થી) થી તા. ૨૯/૧૨/૨૦૨૦ (સાંજે ૫:૦૦ કલાક સુધીમાં) દરમિયાન રૂ. ૧૦૦/- ટેન્ડર ફી અત્રેની હિસાબી શાખામાં ભરી ટેન્ડરની નકલ મેળવી ડેમેજ ખુરશીઓનું નિરીક્ષણ કરી, ભાવો ભરી આર.પી.એ.ડી.થી બંધ કવરમાં તા. ૫/૧/૨૦૨૧ના પોજ ૧૮:૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરને મળે તે રીતે મોકલી આપવાના રહેશે. કવર ઉપર 'ડેમેજ ખુરશી' એમ સુવાચ્ય અક્ષરે લખવાનું રહેશે. મળેલ ટેન્ડર તા. ૮/૧/૨૦૨૧ના રોજ ૧૫:૦૦ કલાકે કમિટી તેમજ પાર્ટી સમક્ષ ખોલવામાં આવશે. જાહેર હરાજીમાં ઉંચી બોલી બોલનાર પાર્ટીએ મેળવેલ ડેમેજ ખુરશીની રકમ જમા કરાવી દિન-૨માં લઈ જવાનું રહેશે. હરાજી અંગે આખરી નિર્ણય કરવા અંગે અધિક કમિશનરશ્રી, ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય, ગાંધીનગરના અબાધિત સત્તા રહેશે.

ડેમેજ ખુરશીઓ બ્લેક રીવોલ્વિંગ અંદાજીત નંગ-૯૨	કુલ તળીયાની કિંમત રૂ. ૧૨૧૯૦.૦૦

સહી/-
અધિક કમિશનર
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૧૫૫૧/૨૦-૨૧

જાહેર હરાજી

પલ્લાચર પ્રાથમિક શાળા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

પલ્લાચર પ્રાથમિક શાળામાં ધાબાવાળા રૂમ-૬, કુલ-૬ (છ) રૂમ નોનયુઝ કરેલ છે. જે ઓરડાઓના કાટમાળની હરાજી તા. ૩૧/૧૨/૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નિયત કરેલ છે. તેની અપસેટ કિંમત રૂ. ૨૧,૦૦૦/- નિયત કરેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

અમરીશકુમાર કનૈયાલાલ પટેલ	નિખિલભાઈ એમ. પટેલ
અધ્યક્ષ	મુખ્ય શિક્ષક
શાળા વ્યવસ્થાપન સમિતિ	પલ્લાચર પ્રા. શાળા
પલ્લાચર પ્રા. શાળા	તા. પ્રાંતિજ
તા. પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા	જિલ્લો સાબરકાંઠા

Indian Institute of Teacher Education

Ramkrishna Paramhans Education Complex, Near Mahatma Mandi, Near KH-5 Circle, KH-Road, Gandhinagar-382016

આઈ.આઈ.ટી.ઈ.ના પરીક્ષા વિભાગ ખાતેની જરૂરિયાત અન્વયે (૧) ડીજીટલ એસેસમેન્ટ (ઓનલાઈન માર્કિંગ) (૨) ઉત્તરવહીના છાપકામ અને બ્રાઉન સ્ટીકર સપ્લાય અંગેના ઓનલાઈન ટેન્ડર તા. ૨૨/૧૨/૨૦૨૦ થી તા. ૩૧/૧૨/૨૦૨૦ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં મેળવવા માટે nprocure પરથી ટેન્ડર ડાઉનલોડ કરવાનું રહેશે. વધુ વિગત માટે રસ ધરાવતા ઈજારદારોએ www.nprocure.comની મૂલાકાત લેવી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે (n) code sultion, G.N.F.C., Tower, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદનો સંપર્ક કરવો.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તારીખ :૨૧/૧૨/૨૦૨૦ — આઈ.આઈ.ટી.ઈ.
માહિતી/૧૫૫૪/૨૦-૨૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ